મારું વિદ્યાધ્યયન

[૭]

નેત્રહીન વ્યક્તિને કોઈ પંડિત કહી સંબોધે યા તેને ભણેલ તરીકે ઓળખાવે ત્યારે અજાણ્યા કેટલાયને કુતૂહલ થવાનું કે આ માણસ આંખ વિના કેમ ભણ્યા હશે? આવું જ કુતૂહલ મારી સમક્ષ ઘણાં ભાઈ-બહેનોએ વ્યક્ત કર્યું છે. કેટલાકની એ જિજ્ઞાસા મેં અમુક અંશે સ્વાનુભવકથન દ્વારા સંતોષી છે, પણ ભાઈ શ્રી પરમાનંદભાઈની ઊંડી અને તીવ્ર જિજ્ઞાસા માત્ર એટલાથી સંતોષાય તો તે પરમાનંદભાઈ શાના? વાતચીતમાં તેમણે ટૂંકમાં એટલું જ કહી પતાવ્યું કે આ વિગત હું જાણતો ન હતો. મનમાં સંઘરી રાખેલ જિજ્ઞાસા શમાવવા તેમણે મને કાંઈક વિગતે લખી આપવા કહ્યું. આ તકનો લાભ લઈ એ વિષે કાંઈ લખાય તો લખી કાઢવું એ વૃત્તિથી હું પ્રેરાયો છું. અલબત્ત, પત્રની મર્યાદા જોતાં પૂરી વિગતથી એ લખી નહિ શકું, તેમ છતાં કાંઈક લંબાણ થવું અનિવાર્ય છે. તે વિના વાચક સામે અખંડ ચિત્ર ભાગ્યે જ આવી શકે.

મારા જીવનના મુખ્ય બે ભાગ કલ્પી શકાય : એક દર્શનનો અને બીજો અદર્શનનો. લગભગ ચૌદ કે પંદર વર્ષની ઉંમર સુધીનો સમય તે દર્શનનો અને ત્યાર પછી અત્યાર લગીનો લગભગ ૬૦ વર્ષનો સમય તે અદર્શનનો. જેમ બીજા ભણનાર ભણે છે તેમ નેત્રની હયાતી વખતે હું પણ સાત ગુજરાતી ચોપડીઓ એક નાના ગામડાની નિશાળમાં ભણેલો. તે વખતે ગામડામાં સંભવે તેવા શિક્ષકો, સરકારી શાળામાં ચાલતા વિષયો અને દર વર્ષે નિયમિત આવતા પરીક્ષકો અને લેવાતી પરીક્ષાઓ-આ બધું દેખનાર માટે એટલું બધું જાણીતું અને સાધારણ છે કે તે વિષેની મારી અંગત વિશેષતાનું અત્રે કોઈ મહત્ત્વ નથી. કહેવું પડે તો એટલું જ કહી શકું કે, સુલેખન, ગણિત અને શાળામાં ચાલતી ચોપડીઓને જેવી ને તેવી નવી રાખવાની કાળજી ઇત્યાદિમાં હું અગ્ર રહેવા પ્રયત્ન કરતો. નિશાળ બહારની પ્રવૃત્તિ, ભણતર યા કેળવણીના અંગ-રૂપ, અત્યારની જેમ, તે વખતે તો ન લેખાતી. પણ હવે જ્યારે એ ય તાલીમનો એક ભાગ લેખાય છે ત્યારે એ વિષે મારી પ્રકૃતિ અને સ્વભાવનો નિર્દેશ ન કરું તો આગળના જીવનની ભૂમિકા જ ન સમજાય. મારા સ્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવમાં જેટલો ભણતરનો રસ અને ઉમંગ હતો તેટલો જ રમત–ગમત અને જાતમહેનતનો હતો. તળાવ ને કૂવામાં તરવું, ઘોડાઓ અને વાછડા દોડાવવા, તત્કાલીન ગામડાની બધી રમતો રમવી અને વડીલોએ કે ગમે તેણે ચીંધેલું કામ જરાપણ આનાકાની વિના, મોઢું કટાણું કર્યા વિના તરત જ કરી આપવું એ સહજ હતું. એની અસર શરીરના બંધારણ ઉપર કાંઈક સારી થઈ અને મનના ઘડતરમાં પણ એણે કાંઈક સારો ફાળો આપ્યો એમ આગળ ઉપર વિચાર કરતાં મને જણાયું છે.

જૈન સાધુઓ પાસે અધ્યયન

વિ. સં. ૧૯૫૩ (ઇ. સ. ૧૮૯૭)ના ઉનાળામાં માતાને લીધે નેત્રો ગયાં અને યુગ પલટાયો. જે જગત નેત્રને લીધે સ્વતંત્ર પ્રવૃત્તિનું ધામ હતું તે હવે પરતંત્ર પ્રવૃત્તિનું સ્થાન બન્યું. જે રૂપલોક દૂર છતાં સમીપ હતો તે હવે સમીપ છતાં દૂર બન્યો અને અરૂપલોક સમીપ આવ્યો. ફાવે તેમ વનવિહાર કરતો હાથી કે ઉડ્ડયન કરતું પંખી પાંજરામાં પુરાય અને જે અકળામણ અનુભવે તે આવી પડી. લગભગ બે-એક વર્ષના માનસિક ઉત્પાત પછી સમાધાનનું એક દ્વાર અણધારી રીતે ઊઘડ્યું. તે દ્વાર અરૂપલોકમાં વિચરવાનું–કાંઈક ને કાંઈક નવું શીખવાનું. અંગ્રેજી ભણવાની સહજ વૃત્તિ કેટલાક કારણસર સફળ થઈ ન હતી, ત્યારે નવી આવી પડેલ પરિસ્થિતિએ એ જિજ્ઞાસાવૃત્તિને ઉપસ્થિત સંજોગો પ્રમાણે બીજી દિશામાં વાળી. હજારથી પણ ઓછી વસ્તીવાળું ગામ, શિક્ષણનાં કોઈ સાધનો નહિ છતાં ખારા સમુદ્રમાં મીઠી વીરડીની જેમ પછાત ગામડામાં ય જૈન સાધુઓનું આવાગમન આશીર્વાદરૂપ નીવડ્યું. આગળ જતાં વિ. સં. ૧૯૬૦ના ઉનાળામાં કાશી જવાની જે તક સાંપડી તેની આ પૂર્વભૂમિકા લેખાય, તેથી તે વખતે ગામડામાં ઘરબેઠાં કોની કોની પાસે શું શું શીખ્યો અને તે કઈ કઈ રીતે એ જાણવું જરૂરી છે.

જૈન સાધુ–સાધ્વી આવતાં પણ તે મુખ્યપણે સ્થાનકવાસી પરંપરાનાં. એમ તો એ સાત વર્ષમાં સેંકડો સાધુ અને સાધ્વીઓ આવ્યાં અને ગયાં. મેં તેમનો પરિચય પણ સાધ્યો; પરંતુ મારા અધ્યયન સાથે જેમનો ખાસ સંબંધ છે તેમનાં નામ આ રહ્યાં: લીંબડી સંઘાડાના પૂજ્ય લાધાજી સ્વામી, જે તે વખતે વૃદ્ધ અને અંધ હતા. તેમના સુવિદ્વાન શિષ્ય ઉત્તમચંદજી સ્વામી અને એકલવિહારી પૂ. દીપચંદજી સ્વામી. જે સાધ્વીઓનો અધ્યયન અંગે પરિચય થયો તેમાંથી એક અતિવૃદ્ધ જડાવબાઈ અદ્યાપિ જીવિત છે

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

અને તે હાલ અમદાવાદમાં છે. તે વખતે મારા શીખવાના વિષયો માત્ર જૈનપરંપરાને લગતા જ હતા ને તે ત્રણ ભાષામાં ગ્રથિત. ગુજરાતી, પ્રાકૃત અને સંસ્કૃત ભાષા દ્વારા એ વિષયમાં થોડો પ્રવેશ કર્યો. જીવ, કર્મ, લોક, દ્વીપસમૂહ, ધ્યાન જેવા એક એક મુદ્દા ઉપર જૈનદૃષ્ટિએ લખાયેલ ગુજરાતીમાં જે નાનાં નાનાં સંખ્યાબંધ પ્રકરણો છે તે થોકડાને નામે પરંપરામાં જાણીતાં છે. થોકડા એટલે કોઈ એક મુદ્દા ઉપર શાસ્ત્રમાં મળી આવતા વિચારોનો એકત્ર કરેલ થોક, જથ્થો કે સંચય, જેને તે તે વિષયનાં પ્રકરણ કહી શકાય. આવા સંખ્યાબંધ થોકડાઓ તે તે સાધુ કે સાધ્વી પાસેથી સાંભળીને જ યાદ કરી લીધા. એનું પ્રમાણ નાનુંસૂનું ન હતું. છન્દ, સ્તવન અને સઝઝાય નામે જાણીતું ગુજરાતીમાં વિશાળ જૈન–સાહિત્ય છે. સઝઝાયમાળા નામે તે વખતે પ્રસિદ્ધ એવા બે ભાગોમાં છપાયેલ. લગભગ બધું જ આવું સાહિત્ય પણ એક અથવા બીજાની પાસેથી સાંભળી સાંભળી યાદ કરી લીધું. ગુજરાતીમાં ચર્ચાયેલ વિષયો સમજવામાં મુસ્કેલી પડતી જ નહિ, એટલે સહેજે અનેક જૈન વિષયોનો પરિચય તો થયો પણ એટલા માત્રથી જિજ્ઞાસા શમતી ન હતી. મનમાં થયું કે આ બધું જે મૂળ ગ્રંથોમાં છે તે યાદ કેમ ન કરવું? આ જિજ્ઞાસાએ આગમો ભણી ધકેલ્યો. આગમો યાદ કરવાં ને શીખવામાં મુખ્ય ફાળો હોય તો તે એકલવિહારી પૂ. દીપચંદજી સ્વામીનો. અલબત્ત, એમાં લાધાજી સ્વામીજીનો હિસ્સો તો છે જ. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને સૂત્રકૃતાંગ પ્રથમ સ્કંધ એ મૂળ મૂળ સૂત્રો તો આખેઆખાં યાદ થઈ ગયાં, પણ તે ઉપરાંત અનેક વિષયો ઉપર પ્રાકૃતમાં નિબદ્ધ પ્રકરણો પણ સાંભળીને જ યાદ કરી લીધાં. એ બધાંની યાદી બહુ લાંબી થાય. અહીં કહી દેવું ઘટે કે તે તે આગમો અને પ્રાકૃત પ્રકરણોનો અર્થ કાં તો ટબા દ્વારા અને કાં તો સાધુઓનાં મોઢેથી ગ્રહણ કર્યો.

સંસ્કૃત ભાષાનું આકર્ષણ

આગળ જતાં મને જણાયું કે એ અર્થગ્રહણ માટે વધારે સાધનની અને તૈયારીની જરૂર છે. ક્યારેક કોઈ સાધુ છૂટાછવાયા સંસ્કૃત શ્લોકો બોલે અથવા નાતમાં જમતી વખતે બ્રાહ્મણો સંસ્કૃત શ્લોકો લલકારે, એ સાંભળી સંસ્કૃતની મધુરતાએ અને ભાષાવિષયક તીવ્ર જિજ્ઞાસાએ મને સંસ્કૃત તરફ વાળ્યો. તે વખતે એ પણ માલૂમ પડ્યું કે પ્રાકૃત આગમો ઉપર સંસ્કૃત ભાષામાં વિશાળ પ્રમાણભૂત વ્યાખ્યાઓ છે. એ પણ માલૂમ પડ્યું કે મૌલિક બ્રાહ્મણ–સાહિત્ય તો મુખ્યપણે સંસ્કૃત ભાષામાં જ છે. આ જાણથી સંસ્કૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીખવાની અદમ્ય ઇચ્છા ઉદ્‌ભવી. પણ વિદ્યાના એ મરુદેશસમાં ગામડામાં ન તો સંસ્કૃત ભાષા શીખવાનું કોઈ સાધન હતું કે ન પ્રાકૃત આદિ અન્ય ભાષાઓ શીખવાનું. માનસિક અકળામણ કાંઈક ઓછી થાય એવો પ્રસંગ અચાનક આવ્યો અને લાધાજી સ્વામી તથા ઉત્તમચંદજી સ્વામીનો સમાગમ કાંઈક વિશેષ લાધ્યો. પહેલા પાસે શરૂઆત કરી અને બીજા પાસે સારસ્વત-વ્યાકરણ પૂર્ણ કર્યું. એ બંને ગુરુ-શિષ્ય પ્રત્યેની કૃતજ્ઞતા સાચવીને પણ મારે એટલું તો નિખાલસપણે કહી જ દેવું જોઈએ કે સંસ્કૃતમાં પ્રવેશ તો થયો પણ તે ન હતું સંગીન કે ન હતું પૂર્ણ અધ્યયન. તે વખતે પણ મને એટલું તો સમજાઈ ગયું કે સંસ્કૃત ભાષાના પરિપૂર્ણ અને શુદ્ધ જ્ઞાન વિના પ્રાકૃત ભાષામાંથી ખરો અર્થ તારવવો એ માત્ર ફાંફાં છે. અને એ બંને ભાષાના યથાવત્ બોધ વિના ગુજરાતી કે હિંદીમાં લખાયેલ જૈન પ્રકરણોના ભાવને ઠીક ઠીક સ્પર્શવાનું કામ પણ એટલું જ અઘરું છે, તેથી હવે મારું મન સંસ્કૃત ભાષાના વધારે અભ્યાસ તરફ વળ્યું. પણ એ જિજ્ઞાસા-તૃપ્તિનું કોઈ સાધન સામે ન હતું અને જ્યારે કાંઈક સૂઝ્યું ત્યારે પ્રથમ તો એ અધૂરું લાગ્યું; એટલું જ નહિ, એ અધૂરા સાધનથી સંસ્કૃત શીખવાનું કામ સરળ પણ ન હતું. આ રીતે ચોવીસે કલાક ગડમથલ ચાલતી. તો બીજી બાજુ નિષ્ક્રિય રહેવાનું મારે માટે શક્ય જ ન હતું; એટલે જે જે સુલભ થયું તે બધું યાદ કર્યે ગયો. એ બધી વસ્તુ સંભળાવી યાદ કરવામાં મદદગાર કેટલાય થયા છે, પણ અત્રે ત્રણ વ્યક્તિઓનો નિર્દેશ અનિવાર્ય છે: એ સહોદર ભાઈ પોપટલાલ અને ગુલાબચંદ, જે મારા નિકટ મિત્ર પણ બન્યા હતા અને મારો એક લઘુભ્રાતા. આ ત્રણમાં પ્રથમના બે મને સંભળાવે ને પોતે પણ વાંચતાં વાંચતાં કાંઈક સમજતા. તેમાંય પોપટલા-લની બુદ્ધિ તો અસાધારણ હતી. એને લીધે મેં જૈનપરંપરાના એક જટિલ ગણાતા કર્મસાહિત્યમાં પ્રવેશ કર્યો. અનેક કર્મગ્રંથો અને બીજાં પ્રકરણો માત્ર ટબા દ્વારા જાણી લીધાં. આ રીતે કાશી ગયા પહેલાં મારી પૂર્વભૂમિકા તૈયાર થઈ.

પણ જે જે યાદ કર્યું કે યાદ થયું તે વિષે એક ઇશારો આવશ્યક છે. નવું વાંચી સંભળાવનાર કોઈ હાજર ન હોય કે તેને સમય ન હોય તે વખતે શીખેલ સમગ્ર વસ્તુઓને હું પુનરાવર્તન દ્વારા યાદ કરી જતો, કેમકે તે બધું તે કાળે કંઠસ્થ હતું. એ પણ કહી દેવું જોઈએ કે જેટલા પ્રમાણમાં શબ્દોનો સ્પર્શ હતો તેટલા પ્રમાણમાં તેના અર્થજ્ઞાનનું ઊંડાણ તે વખતે ન હતું. સમજવાની શક્તિ ઓછી હતી એમ નથી કહી શકતો, જિજ્ઞાસા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદ હતી એમ પણ ન હતું, પરંતુ જે કાંઈ શીખતો અને જેની જેની પાસે શીખતો તે બાબત તેમની તેમની પાસે એકદેશીય ફિરકાની દૃષ્ટિ ઉપરાંત વ્યાપક દૃષ્ટિવાળું કોઈ ધોરણ જ ન હતું. આ વસ્તુ જૂની ઘરેડના બધા જ ફિરકાઓમાં ઓછેવત્તે અંશે છે જ; એટલે હું વધારેની આશા રાખું તે અસ્થાને હતું. ઊલટું એમ કહી શકાય કે, તે વખતે મારે માટે આ બધું આશીર્વાદરૂપ નીવડ્યું.

કાશીમાં વિદ્યાભ્યાસ

સંસ્કૃત ભાષા શીખવા માટે કાશી જ એક પ્રધાનકેન્દ્ર છે અને કાશીના પંડિતો એટલે સંસ્કૃતના ખાં એવી એવી વાતો જે તે પાસેથી સાંભળતો. કાશી જઈ અધ્યયન કરું તો કેવું સારું એવો મનોરથ પણ થયા કરતો. પરંતુ આવી પરાધીન દશામાં અને તે પણ હજારથી વધારે માઈલ દૂર કેવી રીતે, કોની પાસે અને કોની મદદને ભરોસે જવું એ પ્રશ્ન મનમાં આવતો કે પેલો મનોરથ શમી જતો. મનની વાત મનમાં રહેતી અને ક્યારેક પેલા બે મિત્રો સમક્ષ પ્રગટ પણ થતી. અચાનક જાણવા પામ્યો કે કાશીમાં જૈન પાઠશાળા સ્થપાવાની છે. તે સ્થપાઈ પણ તેના સ્થાપક હતા શાસ્ત્રવિશારદ વિજયધર્મસૂરિ. એમના દીર્ઘદૃષ્ટિવાળા સાહસે કાશીમાં જૈન પરંપરા માટે તદ્દન નવું જ પ્રકરણ શરૂ કર્યું હતું. કુટુંબ અને વડીલોથી તદ્દન ખાનગી પત્રવ્યવહારને પરિણામે જ્યારે વિજયધર્મસૂરીશ્વરે મને કાશી આવવા લખ્યું ત્યારે મને ખરેખર આ ભૂતલ ઉપર સ્વર્ગ ઊતરતું દેખાયું. છેવટે હું કાશી પહોંચ્યો. અહીંથી જ મારા જીવનમાં પણ એક નવું જ પર્વ શરૂ થયું. વિ. સં. ૧૯૬૦ (ઈ. સ. ૧૯૦૪)નો ગ્રીષ્મકાળ હતો અને કાશીનાં ધગધગતાં મકાનોમાં પ્રવેશ કર્યો; અધ્યયન શરૂ થયું.

શું ભણવું? કોની પાસે ભણવું? કઈ રીતે ભણવું? વગેરે કાંઈ પણ વિચાર્યું જ ન હતું. વિચાર્યું હતું તે એટલું જ કે સંસ્કૃત ભાષા પૂર્ણપણે શીખવી. કાશીમાં પાણિનિનું વ્યાકરણ ભણવાની જ પ્રતિષ્ઠા. ત્યાં એની સામગ્રી જેવી તેવી નહિ. મારે કાને એ જ મહાવ્યાકરણનું નામ પડેલું. પરંતુ તરતમાં જ શરૂ થયેલ જૈન પાઠશાળામાં રંગ બીજો હતો. ત્યાં મને માલૂમ પડ્યું અને કહેવામાં આવ્યું કે ગુજરાતના પાણિનિ જેવા હેમચંદ્રે રચેલું મહદ્વ્યાકરણ સિદ્ધહેમ–શબ્દાનુશાસન છે, તે શીખવા જેવું છે. જો કે આ વ્યાકરણનું નામ મારે કાને પ્રથમ જ પડેલું, છતાં પાઠશાળામાં એનું જ વાતાવરણ જોઈ મેં એનું અધ્યયન શરૂ કર્યું. આ મારા કાશીના વિદ્યાભ્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સનું પહેલું પગથિયું. અધ્યાપક તો ખરેખર વ્યાકરણમૂર્તિ તેમ જ સંસ્કૃત ભાષાના ક્ષેત્રમાં વિશ્રુત. પરંતુ મારી મુશ્કેલી જુદી હતી. એક તો યોગ્ય રીતે, મને અનુકૂળ આવે તેવી રીતે અને તેટલો વખત વાંચી સંભળાવે કોણ ? બીજું, શીખવા ધારેલ ગ્રંથ તે વખતે છપાયેલ નહિ, માત્ર હસ્તલિખિત હતો. ત્રીજું એ કે એ શબ્દાનુશાસન કદ અને વિસ્તારમાં બહુ મોટું, તેમ જ તેનાં અંગો પણ ઘણાં. અને ચોથું એ કે પાઠશાળામાં એ બૃહદ્વ્યાકરણ શીખનાર કોઈ પણ સાથી ન હતો. આ મુશ્કેલીઓ આજે લાગે છે તેવી તે વખતે હળવી ન હતી. પણ દૈવનો સંકેત કોઈ અકળ જ હોય છે ! ત્યાં તે વખતે વિદ્યમાન એવા બે–ચાર સાધુઓએ મને એટલો બધો ઉત્સાહ આપ્યો અને મારી ત્યાર સુધીની વિદ્યા–ભૂમિકા તેમ જ જિજ્ઞાસા જોઈ તેમણે તે માટે મને એટલો બધો યોગ્ય માન્યો કે છેવટે મારી મૂંઝવણ હળવી થતી ગઈ. અત્યારના વિજયેન્દ્રસૂરિ અને તે વખતના મુનિ ઇન્દ્રવિજયજીએ એ લિખિત પોથી વાંચી સંભળાવવાનું માથે લીધું. અધ્યાપક તો અસાધારણ હતા જ. આમ ગાડું આગળ ચાલ્યું.

અધ્યયન અને પરિશીલન

હું જે કાંઈ શીખતો તે બધું મોઢે યાદ જ કરતો. શીખવાનો અને મોઢે યાદ કરવાનો સમય બહુ પરિમિત એટલે બચત બધો જ સમય શીખેલ ભાગનો પુનઃ પુનઃ વિચાર કરવામાં જતો. જો કે શક્તિ, જિજ્ઞાસા અને સ્મૃતિને અનુસરીને, હું તે વખતે બહુ ત્વરાથી પ્રગતિ કરી શકત, પણ પ્રમાણની દૃષ્ટિએ તેટલી પ્રગતિ ન થતી, છતાં અર્થવિચાર અને મનનના લાભે એ ખોટ કાંઈક અંશે પૂરી પાડી એમ મને લાગે છે. પાઠશાળામાં બીજા અધ્યાપક હતા. જે નૈયાયિક તેમ જ દાર્શનિક હતા. સંસ્કૃત ભાષામાં બોલવાના અભ્યાસ અને કાંઈક વધારે સમજણ જોઈ તેઓ મારા પ્રત્યે મમતા સેવતા થયા અને આગ્રહ કર્યો કે તમે તો ન્યાય શીખો. હું પણ એ ભણી વળ્યો. આ રીતે વ્યાકરણના અધ્યયન સાથે જ ન્યાય–વૈશેષિક દર્શનનું અધ્યયન ચાલ્યું. ન્યાય શીખતી વખતે ઘણીવાર મનમાં અસ્પષ્ટ એમ થઈ આવતું કે જાણે આ વસ્તુ શીખેલી ન હોય અને એમાં સમજણ જેટલો જ રસ પણ પડતો. દેશમાં એટલે કે કાઠિયાવાડમાં હતો ત્યારે જે સંસ્કૃત પુસ્તકમાં યોગ લાધે તે અર્થ સમજ્યા વિના પણ કંઠસ્થ કરતાં ન ચૂકતો. તેથી દેશમાં જ કાલિદાસકૃત ‘રઘુવંશ’ કાવ્યના નવ સર્ગો, નવેક દિવસ પૂરતું કોઈનું પુસ્તક મળવાથી, શબ્દમાત્ર કંઠસ્થ કરેલા. પેલા દાર્શનિક અધ્યાપક

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

પાસે એ કંઠસ્થ કાવ્યનું આર્થિક અધ્યયન પણ શરૂ કર્યું. આમ વ્યાકરણ, ન્યાય અને કાવ્ય એ ત્રણેય ઓછાવત્તા પ્રમાણમાં સાથે ચાલ્યાં; જો કે મુખ્ય તો વ્યાકરણ જ હતું. ત્રણ વર્ષની લાંબી અને કઠોર તપસ્યા પછી એ વ્યાકરણ, એનાં બધાં જ અંગો, જેવાં કે લિંગાનુશાસન, ધાતુપાઠ, ઉણાદિ, ક્રિયારત્નસમુચ્ચય, ન્યાયમંજૂષા અને ન્યાસ આદિ, સાથે પૂરું થયું સાથે જ જિજ્ઞાસાએ વહેણ બદલ્યું.

પ્રથમથી જ સંકલ્પ હતો કે કાશીમાં જઈને શીખવું હોય તો જૈનેતર શાસ્ત્રો જ શીખવાં જોઈએ. તે વખતે મારી સમજણમાં જૈનેતર એટલે વૈદિક દર્શનો એટલું જ હતું. બૌદ્ધ, જરથુસ્ત, ક્રિશ્ચિયન, ઇસ્લામ આદિ પરંપરાઓની કશી કલ્પના જ ન હતી. અધ્યાપકો પોતપોતાના વિષયમાં પારગામી અને અસાધારણ, પણ તેમનું વિચાર-વાચન વર્તુળ પોતાની માનીતી વિદ્યા કે પરંપરા બહાર જરાય નહિ અને પાઠશાળાનું વાતાવરણ પણ સાંપ્રદાયિક જ એટલે સર્વશાખાસ્પર્શી અધ્યયનને લગતી પ્રેરણા પામવાની તક નહિવત્ હતી. છતાં જૈન પાઠશાળાના લગભગ ૩–૪ વર્ષ જેટલા નિવાસ દરમિયાન વ્યાકરણ, કાવ્ય, અલંકાર, ન્યાયવૈશેષિક દર્શન આદિનું પરિશીલન ઠીક ઠીક થવા પામ્યું અને આગળ નવી વિદ્યાશાખાઓ ખેડવાની તેમ જ ખેડેલ શાખાઓમાં ઊંડે ઊતરવાની ભૂમિકા તો રચાઈ જ. અહીં એ સૂચવી દેવું જોઈએ કે આ શરૂઆતનાં વર્ષોમાં મળેલ અને ત્યારબાદ આગળ મળેલ અનેક અધ્યાપકોની વિશેષતા એવી હતી કે જે ખાસ જાણવા જેવી અને તેમના પ્રત્યે માન ઉપજાવે તેવી છે. પણ એ વિશેષતાનો સ્પષ્ટ ખ્યાલ આ ટૂંકા લેખમાં આપવો શક્ય નથી. એ બાબત તો એમનાં રેખાચિત્રોની એક જુદી લેખમાળા જ માગી લે છે.

૩–૪ વર્ષ પછી પાઠશાળા બહાર રહેવાનું બન્યું. ત્યારે મિત્ર અને સાથી તરીકે વ્રજલાલ નામના એક બ્રાહ્મણ વિદ્યાર્થી હતા, જે આગળ જતાં પંડિત વ્રજલાલ તરીકે જૈનપરંપરામાં જાણીતા થયા અને જેમણે મુંબઈ મહાવીર જૈન વિદ્યાલયમાં ઘણાં વર્ષો લગી ધાર્મિક શિક્ષણ આપેલું. અમે બન્ને મિત્રોએ અધ્યયનના કેટલાક વિષયો વહેંચી લીધા અને કેટલાક સાથે મળી શીખવા એમ નક્કી કર્યું. જે જે વિષયો વહેંચ્યા તે માત્ર અધ્યાપક પાસે જઈ શીખવાની દૃષ્ટિએ. તેઓ અમુક અધ્યાપક પાસે એક વિષય શીખી આવે તો હું બીજા અધ્યાપક પાસે બીજો વિષય શીખું. પણ છેવટે તો બન્ને ઘેર બેસી પરસ્પર આપલે કરી લઈએ. તેમ છતાં અમુક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયો તો બન્ને સાથે જ શીખતા. આ અમારી અધ્યયનની યોજના હતી. પણ પાઠશાળાથી જુદા રહ્યા પછી જેમ અધ્યયનની સ્વતંત્રતા અને એની વિશાળતાનો અમને લાભ મળવાની તક પ્રાપ્ત થઈ હતી, તેમ સાથે જ અમારે સ્થાન, ભોજન, અધ્યાપક આદિને લગતી આર્થિક મુશ્કેલી પણ હતી જ. છતાં અમે કદી નિરાશ થયા હોઈએ એવું યાદ નથી. અમે બન્ને મિત્રોએ એક વાત નક્કી કરી અને તે એ કે કાશીમાં રહીને જ ભણવું. આ નિશ્ચયને અમે એટલા બધા વફાદાર રહ્યા કે તે વખતના જૈન પરંપરાના સૌથી મોવડી લેખાતા મનસુખભાઈ ભગુભાઈની ઇચ્છાને પણ અમે અવગણી. તેઓની ઇચ્છા હતી કે અમે તેમને બંગલે અમદાવાદમાં રહીએ અને તેઓ અધ્યયન માટે સારો દાર્શનિક અધ્યાપક રોકે.

આર્થિક મુશ્કેલીઓ

કાશીમાં જ ભણવાના સંકલ્પને એક અપવાદ હતો. અમે વિચાર્યું કે આપણને ઠીક ઠીક જાણનાર આગેવાન બે-ત્રણ જૈન ગૃહસ્થ જો કાશીમાં ભણવા જેટલી આર્થિક જોગવાઈ કરી ન શકે તો આપણે બન્નેએ અમેરિકા જવું અને જૉન રૉકફેલર પાસેથી મદદ મેળવવી. અમે રૉકફેલરનું જીવન હિંદી પત્રમાં વાંચી એના તરફ લલચાયેલા અને સ્વામી સત્યદેવના પત્રો વાંચી અમેરિકાનાં સ્વપ્ન આવેલાં, તેથી આવો તરંગી અપવાદ રાખેલો. પણ છેવટે અણધારી દિશામાંથી જોગવાઈ સાંપડી. કાશીમાં રહી અધ્યયન કરવાના સંકલ્પે કેટલીક મુશ્કેલીઓ અનુભવાવી, જેનો ટૂંક ચિતાર આપવો અસ્થાને નહિ લેખાય. પાઠશાળામાં હતા ત્યાં લગી ન હતી રહેવાના મકાનની ચિંતા કે ન હતી ખાનપાન કે કપડાંની ફિકર. અધ્યાપકની અગવડ પણ ન જ હતી. આ લીલાલહેર અને પાઠશાળાના અધિષ્ઠાતાની મીઠી મહેર અમુક હેતુસર અમે છોડી તો ખરી, પણ આગળ દિશા શૂન્ય. અમે બે મિત્ર અને વિદ્યાર્થીઓ એમ કુલ પાંચ જણ. પહેલી મુશ્કેલી ક્યાં રહેવું એ હતી. બીજી હતી ખાલી હાથને ખરચખૂટણની અને વધારામાં હવે પછી અર્થસાધ્ય અધ્યાપકો મેળવવાની. અભ્યાસ છૂટી ગયાની ઊંડી વેદના અનુભવતા દિલ સાથે, પણ હોંશથી ત્રણ ચાર મહિના મથુરા, વૃન્દાવન, ગ્વાલિયર આદિ સ્થાને રખડપટ્ટીમાં અને પરિચિતોને મળવામાં ગયા. છેવટે અણધારી દિશામાંથી સાધારણ સગવડ લાધી. બરાબર સંવત્સરીને દિવસે જ શહેરથી લગભગ બે માઈલ દૂર ગંગાતટે આવેલ જૈનઘાટ ઉપરના એક ખાલી મકાનમાં આશ્રય મળ્યો. આ સમયનું દૃશ્ય અદ્ભુત હતું. ક્યાં અમારો મધ્યશહેરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલા આલિશાન, પણ ચોમેરથી બંધિયાર મકાનમાં જનાનખાના જેવો વાસ અને ક્યાં નાનકડા પણ દશ દરવાજાવાળા ખુલ્લા મકાનમાં કરેલ પડાવ અને માઈલો લગી પહોળા પથરાયેલ ગંગાના પટ ઉપર વર્ષાના પાણીથી ઊભરાતું તેમ જ એ મકાન સાથે અફળાતું પાણીનું પૂર! દેખીતી રીતે સ્થાનની ચિંતા ટળી, પણ અંદરથી તે ધ્રોંચપરોણાને લીધે થોડીઘણી હમેશાં રહી.

કાશીમાં કપરા અનુભવો

માસિક લગભગ સો રૂપિયામાંથી ઘણું નભાવવાનું હતું. છએક જણ જમનાર. મહેમાન અને મિત્રો હોય જ. અધ્યાપકના અને મારા વાચકોના પગારનો બોજો પણ ખાસ હતો. એ પેટે લગભગ પચાસ રૂપિયા દર માસે ખરચાતા, અને બાકીમાં બધું નભાવવાનું. આ સમય તિલકને દેશનિકાલ થયાનો, અને બંગભંગની ગરમાગરમ હિલચાલનો, તેમ જ વિપ્લવવાદીઓના ત્રાસનો હતો તેથી છાપાનો લોભ જતો કરવો શક્ય ન હતો. સાપ્તાહિક, માસિક અને દૈનિક એવાં જે જે ગરમાગરમ હિંદી અને મરાઠી છાપાં હોય તેનો બન્ને મિત્રોને નાદ; એટલે એ ખર્ચ પણ ખરો, છતાં બીજી બધી રીતે સાદગી અને જાતમહેનતથી વરતવાનું એટલે ગાડું ચાલે.

હું તો જૈન તરીકે જાણીતો થયેલ. બ્રાહ્મણ મિત્ર પણ મારી સાથે રહે અને તે પણ જૈનતીર્થના મકાનમાં એટલે સારા કોઈ પણ અધ્યાપક, જે હમેશાં વગર પૈસે બધાને ભણાવે તે તો અમે તેમને ઘેર જઈએ છતાં સમય ન આપે, અને સુયોગ્ય અધ્યાપક મેળવ્યા વિના સંતોષ પણ ન થાય. એવો કોઈ અધ્યાપક મળે ત્યારે જૈન હોવાને કારણે બીજી બધી બાબતોમાં અગવડ વેઠીને પણ પૂરતું મૂલ્ય ચૂકવવું પડે. આ એક વિટંબના હતી, પણ સાથે જ મુક્ત મને અધ્યયનના વિષયો અને ગ્રંથો પસંદ કરવાની છૂટ હોવાથી પાઠશાળાના સગવડિયા પણ એકાંગી અધ્યયનથી મુક્તિ મળવાને લીધે એક રીતે અસાંપ્રદાયિક સંસ્કારનો પાયો નંખાયો. અધ્યાપક ક્યારેક રિસાય, પણ તે તો એટલા માટે કે આ જૈનો હોઈ છેવટે કાંઈક વધારે ધરશે જ. અમે પણ કાંઈક વધારે નૈવેદ્યથી એમને રીઝવીએ અને વધારે તાણ ભોગવીએ. અનુભવે નવો રસ્તો સૂઝાડ્યો, પણ તે સહેલો ન હતો. શહેરમાં કોઈ દ્રવ્યાર્થી સુયોગ્ય અધ્યાપકોને શોધી બન્ને જણે જુદા જુદા જવું ને ઘેર અધ્યાપકને બોલાવવા માટે ચૂકવવું પડતું મૂલ્ય કાંઈક હળવું કરવું અને સાથે જ એકાધિક અધ્યાપકનો લાભ લેવો. આ યોજના પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રોજ પાંચેક માઇલિ ચાલવાનું તો રહે જ અને જો બે વાર જવાનું ગોઠવાય તો સાત–આઠ માઇલિ પણ થાય. એથી ચાર આનામાં જવરઅવર થઈ શકે એવા સસ્તા ભાડાના યુગમાં એ વખતે અમારા માટે એ ખરચ પોષાય તેમ હતો જ નહિ. અવરજવરમાં વખત પુષ્કળ વીતે, પણ સાથે પૂરી કસરત થાય. ઘરે ભણવા જવામાં બીજી પણ એક મુસ્કેલી અને તે વધારે દુઃખદ. ઘણીવાર કડકડતી ટાઢમાં, ગ્રીષ્મના ખરા બપોરે અને વરસતે વરસાદે ચાલીને ઘરે ગયા પછી પણ જ્યારે અધ્યાપક કાંઈક બહાના નીચે પૂરો વખત ન આપે અથવા ‘આજે પાઠ નહિ ચાલે’ એમ કહે ત્યારે ચાલવાનું દુઃખ જેટલું ન સાલે તેટલું અભ્યાસ પડયાનું સાલતું. સારનાથ શહેરથી પાંચેક માઇલિ દૂર. કોલેરા અને પ્લેગના એ જમાનામાં મોટે ભાગે ફાગણથી ત્રણ મહિના ત્યાં રહેવા જઈએ. ટ્રેનની ટિકિટના માત્ર બબ્બે પૈસા બચાવવા ત્યાંથી ઘણીવાર બન્ને મિત્ર પગે ચાલી ખરે બપોરે પંડિતને ત્યાં પહોંચીએ. અને તે ઠરાવ પ્રમાણે પગાર તો લે જ, પણ વખત આપતી વખતે ઠરાવ ભૂલી જાય અને કોઈકવાર તો રજા જ પાડે. અધ્યાપકો અનેક બદલ્યા પણ કોઈ સાથે અપ્રીતિ સેવ્યાનું યાદ નથી.

થોડા અનુભવ પછી વિચાર આવ્યો કે આપણે કોઈ વૃદ્ધ અને વિદ્વાનને શિરછત્ર તરીકે શોધીએ ને અવારનવાર તેની સલાહ લઈએ તો સારું. સદ્ભાગ્યે ભાવનગર કોલેજના નિવૃત્ત અધ્યાપક કે પ્રિન્સિપાલ શ્રી ઊનવાલા અમને મળી ગયા. તે પારસી એટલે સહજ વિનોદી, થિયોસોફિસ્ટ એટલે ઉદારચિત્ત. અઠવાડિયે, બે અઠવાડિયે તેમને બંગલે જવું અને તેમની રમૂજ માણી આવવી, તેમ જ કાંઈ કહે તો શ્રદ્ધાથી સ્વીકારવું એ એક નવો લહાવો સાંપડયો. તેમણે અને તે જમાનામાં ચાલતા આર્યસમાજ અને કટ્ટર સનાતનીઓના સાંપ્રદાયિક ગરમાગરમ શાસ્ત્રાર્થોના દંગલે અમને કેટલુંક શીખવાનું પૂરું પાડ્યું. એ ઊછળતી જુવાની અને અધ્યયનની ખુમારીએ શિયાળામાં ગંગાકિનારાની સખત ટાઢ અને ગરમીમાં પથ્થરના ઘાટનો અસહ્ય તાપ તેમ જ વરસાદનાં ઊભરાતાં પૂર એ બધું સહ્ય બનાવ્યું.

જુદા રહી કાશીમાં જ અધ્યયન કરવાનાં એ છ વર્ષોમાં સાંખ્યયોગ, ન્યાય–વૈશેષિક, પૂર્વ–ઉત્તર મીમાંસા, કાવ્ય અને અલંકાર, પ્રાકૃતવ્યાકરણ અને પ્રાકૃતસાહિત્ય જેવા ખાસખાસ વિષયોનું રસપૂર્વક એકાગ્રતાથી અધ્યયન થવા પામ્યું અને સાથે સાથે સનાતન, આર્યસમાજ, ક્રિશ્ચિયન, થિયોસોફિ જેવી પરંપરાઓની વ્યાવહારિક બાજુ જાણવાની પણ થોડીક તક મળી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યયન સાથે અધ્યાપન

તે વખતે મારામાં એક સંસ્કાર પ્રબળપણે કામ કરતો. તે એ કે જે શીખવા આવે તેને શીખેલું તો શીખવવું પણ કાંઈક નવું હોય તે પણ તૈયાર કરી શીખવવું, જેથી અધ્યયન સાથે એક પ્રકારનો સબળ અધ્યાપન-યોગ પણ ચાલતો. જૈન શાસ્ત્રો અને જૈનદર્શન તો ઘરનાં જ છે. ગમે ત્યાં બેસી ગમે ત્યારે એનું ઊંડાણ કેળવાશે, પણ કાશીમાં રહ્યાનું પૂરું સાર્થક્ય તો ગંભીર અને ગંભીરતર, એવાં જૈનેતર બધાં જ વૈદિકદર્શનોને ગુરુમુખે પણ ઊંડાણથી શીખી લેવામાં જ છે. જો કે કોઈ અધ્યાપક પાસે જૈન-દર્શન શીખવાની મુખ્ય વૃત્તિ ન હતી. તેમ છતાં જૈનદર્શન શીખવા આવનાર ગમે તેટલા અને ગમે તે કક્ષાના વિદ્યાર્થીઓને હું તેને લગતા પ્રાકૃત કે સંસ્કૃત ગ્રંથો બહુ ઉત્સાહ અને રસથી શીખવતો. એટલે એક રીતે મારું જૈનશાસ્ત્રનું અધ્યયન પણ કાશીમાં આપોઆપ વધતું અને કાંઈક વિકસતું. એના વિદ્યાર્થીઓ પણ, દિગંબર જૈન પાઠશાળા પાસે હોવાથી, અને મારી ભમતા હોવાથી, સહેજે મળતા.

જો કે કાશીની નજીક જ સારનાથ છે કે જ્યાં તથાગત બુદ્ધે પ્રથમ ધર્મોપદેશ આપેલો. પણ તે વખતે, ખાસ કરી પંડિત વર્તુલમાં, બૌદ્ધશાસ્ત્ર અને બૌદ્ધદર્શનની કોઈ વિશેષ ચર્ચા ન હતી. એટલે એક રીતે તે વખતે હું બૌદ્ધદર્શનના મૌલિક અભ્યાસથી વંચિત જ રહ્યો. તે ખોટ આગળ જતાં અધ્યાપક શ્રી ધર્માનંદ કોસાંબી પાસે પાલી પિટકના અધ્યયન દ્વારા તેમ જ ઘણું ઘણું આપમેળે સાંભળી, સમજવા દ્વારા પૂરી થઈ; પરંતુ મનમાં એક સંકલ્પ હતો કે ન્યાય, વૈશેષિક દર્શનમાં પ્રાચીન તેમ જ નવીન ગ્રંથોનું એટલા ઊંડાણથી અધ્યયન કરવું કે જેને બળે કોઈ પણ ભારતીય દર્શન વાંચતાં અને સમજતાં જરાય મુશ્કેલી ન પડે. આ દૃષ્ટિથી પ્રાચીન અને નવ્યન્યાયના વિશાળ અને કઠિનતર પટમાં મેં ભૂસકો માર્યો. એ પ્રયત્નને સફળ કરવા માટે કાશીમાં બીજા અનેક નૈયાયિક અધ્યાપકોની કૃપા મેળવવા મથ્યો. પણ જ્યારે એમ લાગ્યું, કે હવે તો કાશી બહાર પણ જવું પડશે ત્યારે એની પણ તૈયારી કરી.

કાશી બહાર એટલે મિથિલા જવાનો સંકલ્પ હતો. ત્યાં વિશિષ્ટ નૈયા-યિકો હતા અને વધારે લાભ થવાની આશા પણ હતી. જો કે ત્યાં જઈ મારા જેવા પરતંત્ર માણસને અધ્યન કરવા માટે જે સામાન્ય સગવડ જોઈએ તે પૂરી ન હતી, છતાં જે કાંઈ સગવડ મળી તેને જરાય ઓછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન્યા વિના મિથિલા ભણી પ્રવાસ કર્યો. પિલખવાડ, સિંહવાડા અને દરભંગા એમ ત્રણ સ્થળોએ જુદે જુદે વખતે કેટલોક સમય ખર્ચ્યો. ત્યાંનો પ્રવાસ નિષ્ફળ ગયો એમ તો ન કહી શકાય, પણ સાધનોની અપૂર્ણતા અને જાતની પરતંત્રતાને લીધે ઇચ્છા અને જિજ્ઞાસાના પ્રમાણમાં લાભ ઓછો મળ્યો એમ કહી શકાય. અલબત્ત, એ ઓછા લાભનો બદલો બીજી ઘણી રીતે મને નિઃશંકપણે મળી ગયો. ત્યાંનો કટ્ટર બ્રાહ્મણસમાજ, ત્યાંની કાળજૂની ગંભીર સનાતન વિદ્યાપરંપરા, ત્યાંના સનાતન માનસવાળા પણ અત્યંત સહૃદય ઉચ્ચતમ વિદ્વાનો અને ત્યાંની વ્યાપક વિદ્યાવૃત્તિ અને વિદ્યાભક્તિ–એ બધાનો સીધો પરિચય થયો, જેણે મારા આગળના જીવનમાં બહુ સારી અસર ઉપજાવી છે.

મિથિલાનાં સંસ્મરણો

મિથિલામાં દેશસ્થિતિ અને દેશાચાર જાણવા પામ્યો તેને હું વિદ્યાધ્યયનનો એક ભાગ ન લેખું તો ખરેખર જડ જ ગણાઉં. માઈલો લગી આંબા, જાંબૂડા, લીચી અને કટહર (ફણસ)ના ઝાડ નીચે પડેલ ફળો અનાયાસે મેળવવાં, કદી ન સુકાતી નદીઓને કાંઠે ફરવું, ચોમાસાના ચડતા પૂરમાં શરદીના ડર વિના ઝંપલાવવું, ચારેક આનામાં કેળાની આખી લુમ મેળવવી, કૃષ્ણાભોગ જેવા સુગંધી ભાત ખાવાના અભ્યાસથી ઘઉં ખાવાનો જન્મસિદ્ધ અભ્યાસ છૂટવો, ઘર–આંગણાના પોખરાના ગંદા પાણીને પણ ગંગાજળ માની કડકડતી ટાઢમાં નહાવું, રાતની કડકડતી ટાઢમાં બીજા સાધનને અભાવે ડાંગરનું પરાળ પાથરી પાથરવાની એક માત્ર જાજમ ઓઢી ભોંય પર સૂવું, ઉચ્ચ ગણાતા બ્રાહ્મણને થતો વધારેમાં વધારે સ્ત્રીઓનો લાભ, એટલે સુધી કે પરિણીત અગિયાર સ્ત્રીઓમાંથી અન્તઃપુરમાં બે અને બાકીની પિયરમાં–એની સીધી જાણ થવી, અને બીજે ક્યાંય નહિ આસ્વાદેલ દહીંનું જમણ ઇત્યાદિ ન્યાયશાસ્ત્રના શુષ્ક ગણાતા અભ્યાસમાં રસ સીંચતું.

પરીક્ષાના અનુભવો

અધ્યયન કરતી વખતે તો પરીક્ષા આપવાની કલ્પના ન હતી, પણ મનમાં એ ભૂત ભરાયું. એમ થયું કે બધું તૈયાર જ છે તો પરીક્ષા કેમ ન આપવી? ભારત અને ભારત બહાર પ્રસિદ્ધ અને અંગ્રેજ અમલ દરમિયાન સ્થપાયેલ કેન્દ્રોમાં સૌથી જૂની કવીન્સ કૉલેજમાં ન્યાયની ચારેય વર્ષોની એકસામટી લેવાતી પરીક્ષા આપી. પ્રિન્સિપાલ અસાધારણ સંસ્કૃતજ્ઞ અંગ્રેજ વેનિસ સાહેબ. પરીક્ષા હતી તો લેખિત પણ લેખકની ભૂલ જણાતાં તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરી મૌખિક લેવાઈ. વેનિસ પોતે પણ પ્રશ્ન કરતા. પંડિતો તો હતા જ. એમાં મળેલી વિશિષ્ટ સફળતાથી પરીક્ષા આપવાની લાલચ વધી. આગળની આચાર્યપરીક્ષા એ છેવટની. તેનાં વર્ષો છ, પણ તૈયારી છતાં એક સાથે ન બેસવાના નિયમથી એ ક્રમે ક્રમે આપવાની હતી. બધા વિષયોના બધા જ ગ્રંથોની સહજ તૈયારી હોવાથી અધ્યયન તો અન્ય પ્રકારનું ચાલતું ને પરીક્ષાને ટાણે પરીક્ષા આપી દેવાતી. ઘણું કરી ત્રીજે વર્ષે મેં પરીક્ષક પંડિતોમાં સમતુલા ન જોઈ. તે વખતે વેનિસ ન હતા અને જે અંગ્રેજ પ્રિન્સિપાલ હતા તે એવા સંસ્કૃતજ્ઞ નહિ. મેં પરીક્ષાના કમરામાં બેઠાં જ નિશ્ચય કરી લીધો કે ફરી આ કમરામાં પરીક્ષા આપવા ન આવવું. પાછા ફરતાં એના ઉંબરામાં કરેલ સંકલ્પ ઠેઠ લગી કાયમ રહ્યો, પણ ત્યાર બાદ પચીસેક વર્ષે પ્રિન્સિપાલ ડૉ. ગોપીનાથ કવિરાજ અને રજિસ્ટ્રાર ડૉ. મંગલદેવ શાસ્ત્રીનો પત્ર આવવાથી ફરી એ જ કમરામાં જૈનદર્શનનો અભ્યાસક્રમ તૈયાર કરવા અર્થે જવાનું બન્યું. આ પણ વિદ્યાધ્યયનની એક વિચિત્ર લીલા જ કહેવાય!

અન્યના સહૃદય યોગનું ફળ

વિદ્યાધ્યયનની વાત કરવી હોય ત્યારે વિદ્યાદાતા અધ્યાપકોને ભૂલી ન શકાય. અધ્યયનમાં જેનો પૂરો સાથ હોય એવા વાચકોને વીસરી જ કેમ શકાય? જે વિદ્યાર્થી-મિત્રોદ્વારા વિદ્યાધ્યયન વિકસ્યું હોય તે પણ અવિસ્મરણીય જ ગણાય અને મારા જેવા પરતંત્રને ડગલે ને પગલે આર્થિક રીતે, પરિચર્યાથી અને બીજી અનેકવિધ સગવડોથી ઉત્તેજન આપનાર ભાઈ–બહેનોનો વર્ગ પણ એ વિદ્યાધ્યયનનું એક મુખ્ય અંગ જ છે. પણ અંતઃકરણથી ઇચ્છવા છતાં પ્રસ્તુત લેખની મર્યાદામાં એ બધાનો નામમાત્ર નિર્દેશ પણ શક્ય નથી, તો એ બધાનો સામાન્ય પરિચય અત્રે આપી જ કેમ શકાય? તેમ છતાં મારે નિખાલસપણે અને કૃતજ્ઞબુદ્ધિથી કહેવું જોઈએ કે મારી વિદ્યોપાસના એ ખરી રીતે એ બધાના સહૃદય સહયોગનું જ ફળ છે.

પ્રથમ કરેલ સંકલ્પ પ્રમાણે મેં જાતે જ અભ્યાસનું ઊંડાણ માપવા એક કસોટી અજમાવી, જેથી અધ્યયન ચાલે છે તેમ ચાલુ રાખવું કે નહિ તેની કાંઈક ખબર પડે. કસોટી એટલી જ કે ઉત્તમ અને વિશેષ કઠણ ગણાતા બે—એક ગ્રંથોને વાંચી જોઈ લેવું કે તે આપમેળે બરાબર સમજાય છે કે નહિ? બે ગ્રંથ પૈકી એક હતો સુપ્રસિદ્ધ શ્રીહર્ષ કવિનો વેદાન્ત વિષયક **खण्डनखण्डखाद्य** અને બીજો હતો ન્યાયદર્શનમાં મૂર્ધન્ય મનાતો ઉદયના-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર્યનો ગ્રંથ न्यायकुसुमांजलि. આ કસોટીમાં કાંઈક આત્મસંતોષ થયો ને ચાલતું અધ્યયન સમાપ્ત કર્યું.

વૃદ્ધત્વમાં પણ યૌવન

મેં અહીં સુધી વિદ્યાધ્યયનને લગતી જે થોડી નીરસ કે સરસ હકીકત આપી છે તે ઈ. સ. ૧૯૧૪ સુધીની છે. ત્યાર બાદનાં ચાલીસ વર્ષોમાં આ લખાવું છું ત્યાં સુધી પણ મારું કાંઈક ને કાંઈક જૂનું-નવું અધ્યયન એ જ જિજ્ઞાસાથી અસ્ખલિત ચાલુ છે. પરંતુ ૧૯૧૪ થી મારા વિદ્યાધ્યયને નવું જ સ્વરૂપ ધારણ કરેલું તેથી આ લેખમાં એ નવા સ્વરૂપની ટૂંક ચર્ચા પણ નથી કરતો. વાચક માટે એટલો સંતોષ બસ થશે કે, ૧૯૧૪થી આજ લગીની મારી પ્રવૃત્તિ અધ્યયન, સંશોધન, લેખન, સંપાદન, સામાજિક અને ધાર્મિક પ્રશ્નોની છણાવટ આદિ અનેક દિશાઓમાં વહેંચાયેલી રહી છે. અલબત્ત, એ દીર્ઘકાલીન શાસ્ત્રીય અને વ્યવહારુ કાર્યના યજ્ઞમાં કેન્દ્રસ્થાને તો ઉત્કટ જિજ્ઞાસા અને સત્યશોધનવૃત્તિ જ રહેલ છે. એણે જ મને અનેક સત્પુરુષોની ભેટ કરાવી, એણે જ મને પંથ કે ફિરકાના સાંકડા વર્તુલમાંથી બહાર કાઢ્યો, એણે જ મને અનેકવિધ પુસ્તકોના ગંજમાં પૂર્યો, એણે જ મને અનેકવિધ ભાષાઓના પરિચય ભણી પ્રેર્યો, એણે જ મને અગવડનું ભાન કદી થવા ન દીધું, એણે જ મને અનેક સહૃદય, ઉદાર અને વિદ્વાન મિત્રો મેળવી આપ્યા, એણે જ મને નાનામોટા વિદ્યાકેન્દ્રોની યાત્રા કરાવી. વિશેષ તો શું, એણે જ મને વૃદ્ધત્વમાં પણ યૌવન અર્પ્યું છે અને અદ્યાપિ જીવિત રાખ્યો છે.

—પ્રબુદ્ધજીવન, ૧ નવેંબર ૧૯૫૪

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org